# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/093 Dt. 11/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ‘માતાનું દુધ શિશુ માટે શ્રેષ્ઠ ભોજન’, ચેમ્બરની લેડીઝ વીંગે અન્ય સંસ્થાઓ સાથે મળીને વિશ્વ સ્તનપાન જાગૃતિ સપ્તાહનું આયોજન કર્યું

## કાર્યક્રમમાં સ્ટ્રીટ પ્લે દ્વારા મહિલાઓને સ્તનપાનનું મહત્વ સમજાવવામાં આવ્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા ગુરૂવાર, તા. ૭ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ‘માતાનું દુધ શિશુ માટે શ્રેષ્ઠ ભોજન’ સંદર્ભે વિશ્વ સ્તનપાન જાગૃતિ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાત વકતાઓ તરીકે ડો. અમિબેન યાજ્ઞિક, ડો. કેતન ભારદ્વા અને સુશ્રી રચનાબેન દલાલે સ્તનપાનના આરોગ્યલક્ષી, વૈજ્ઞાનિક અને સામાજિક પાસાઓ પર વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સ્તનપાન માત્ર માતા અને શિશુ વચ્ચેનો અતૂટ સંબંધ નથી, પરંતુ જીવનભર માટેના સારા આરોગ્યનો પાયો છે. આ બાબતે સમાજના દરેક વર્ગે જાગૃતિ ફેલાવવી જોઈએ.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ જણાવ્યું હતું કે, સ્તનપાન એ માતાની સાથે સાથે એના પતિ, સાસુ તથા કુટુંબના સભ્યોની પણ જવાબદારી છે. વિશ્વ સ્તનપાન સપ્તાહનો ઉદ્દેશ્ય સમાજમાં આ મુદ્દે જાગૃતિ લાવવાનો છે, જેથી દરેક માતા પોતાની ભૂમિકા અંગે વધુ જાગૃત થાય.

ડો. અમિબેન યાજ્ઞિકે જણાવ્યું હતું કે, માતાનું દુધ શિશુના પ્રથમ છ મહિના માટે સંપૂર્ણ અને કુદરતી પોષણનું એકમાત્ર સ્ત્રોત છે. તે બાળકના શારીરિક વિકાસની સાથે સાથે રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ખૂબ જ મહત્વનું હોય છે. સ્તનપાનથી બાળકને જરૂરી પ્રોટીન, વિટામિન અને મિનરલ્સ મળે છે, જે તેને સામાન્ય રોગોથી રક્ષણ આપે છે.

ડો. કેતન ભારદ્વાએ જણાવ્યું હતું કે, સ્તનપાન શિશુના સર્વાંગી વિકાસ માટેનું પ્રથમ અને શ્રેષ્ઠ પાયાનું પોષણ છે. માતાનું દુધ પચવામાં સહેલું છે અને તેમાં રહેલા પોષક તત્વો બાળકની જરૂરિયાત મુજબ બદલાતા રહે છે, જે કુદરતી રીતે માત્ર માનવ શરીર જ પુરા પાડી શકે છે. જ્યારે સુશ્રી રચનાબેન દલાલે સમાજમાં રહેલી ખોટી માન્યતાઓ દૂર કરીને સ્તનપાનને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાત પર ભાર મુકયો હતો.

આ કાર્યક્રમ દરમ્યાન સ્ટ્રીટ પ્લે પણ કરવામાં આવ્યા હતા, જેના થકી ઉપસ્થિત મહિલાઓને સ્તનપાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, પૂર્વ પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિક, લેડીઝ વીંગ કમિટીના સભ્યો, વુમન આંત્રપ્રિન્યોર સેલના કો–ચેરપર્સન શ્રીમતી રોશનીબેન ટેલર, મહિલા સાહસિકો તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

વિશ્વ સ્તનપાન જાગૃતિ સપ્તાહના આયોજન માટે ચેમ્બરની લેડીઝ વીંગને રામક્રિષ્ણ સંવેદના ટ્રસ્ટ, સુરત પિડિયાટ્રિક એસોસીએશન, ઇન્ડિયન મેનોપોઝ સોસાયટી, કલબ ૩૫ પ્લસ, પેરેન્ટીંગ ફોર પીસ, નવસર્જન – ઝેવિયર્સ સેલ ફોર હયુમન ડેવલપમેન્ટ, અખિલ હિંદ મહિલા પરિષદ, સર્વિસ ટુ હયુમનિટી ઇઝ સર્વિસ ટુ ગોડ, અષ્ટગામ ત્રિવેદી મેવાડા બ્રાહમણ સમાજ ટ્રસ્ટ – સુરત, વેલનેસ સેન્ટર ફોર વુમન, અદાણી ફાઉન્ડેશન – હજીરા, ટુગેધર વી રાઇઝ, શ્રમજીવી મહિલા કલ્યાણ ટ્રસ્ટ – સુરત અને આજિવિકા બ્યુરો વિગેરે સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.